# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-05-2025** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

1. **ગત રાત્રી દરમિયાન પાકિસ્તાન દ્વારા કચ્છથી લઇને જમ્મુ વિસ્તારમાં કરવામાં આવેલા ડ્રોન અને મિસાઇલ હુમલાઓને ભારતે નિષ્ફળ બનાવ્યાં.**
2. **કચ્છના સરક્રિક અને ખાવડામાં પાકિસ્તાનના ડ્રોનને તોડી પાડવામાં આવ્યા.. સરહદી જીલ્લાઓ કચ્છ અને બનાસકાંઠાના કેટલાંક ગામડાઓમાં અંધારપટ**
3. **ગૃહ રાજ્ય મંત્રીએ ગઈ મોડી રાત્રે ગાંધીનગર ખાતે રાજ્યની સલામતીના પગલાંની પ્રવર્તમાન સ્થિતિની સમીક્ષા કરી**
4. **કમોસમી વરસાદ બાદ હવે રાજ્યમાં તાપમાનનો પારો ફરી બેથી ત્રણ ડિગ્રી વધે તેવી આગાહી.**
5. **ધર્મશાળામાં પંજાબ કિંગ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે રવિવારે રમાનારી IPL મેચને સલામતીનાં કારણોસર અમદાવાદમાં ખસેડાઈ.**

-----------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# INDIA-PAK ATTACKS

પાકિસ્તાન દ્વારા કચ્છથી લઇને જમ્મુ તેમજ પશ્ચિમ સરહદ નજીકના કેટલાંક લશ્કરી મથકોને નિશાન બનાવીને કરેલા હવાઈ હુમલાઓને ભારતે નિષ્ફળ બનાવ્યા છે. ગુરૂવારે રાત્રે પાકિસ્તાનનાં ડ્રોન અને મિસાઇલોને ભારતની હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ દ્વારા તોડી પાડવામાં આવ્યા હતા. સશસ્ત્ર દળોએ જણાવ્યું છે કે, આ હૂમલાઓમાં ભારતને કોઈ નુકસાન થયું નથી.

પાકિસ્તાનનાં હૂમલાને પગલે જમ્મુ કાશ્મીર, પંજાબ, રાજસ્થાન અને ગુજરાતના કેટલાંક વિસ્તારોમાં અંધારપટ કરવામાં આવ્યો હતો. પાકિસ્તાન તરફથી જમ્મુ કાશ્મીરમાં સતવારી, સાંબા, આરએસ પુરા અને અર્નિયામાં આઠ મિસાઇલો ફેંકવામાં આવી હતી, જેને હવાઇ સંરક્ષણ એકમો દ્વારા આંતરીને નિષ્ક્રિય બનાવવામાં આવી હતી.

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે સરહદની સ્થિતિનો તાગ મેળવવા બીએસએફ અને સીઆઇએફના ડાયરેક્ટર જનરલ સાથે વાત કરી હતી. વિદેશમંત્રી ડોક્ટર એસ જયશંકરે અમેરિકા સહિતનાં દેશોનાં સમકક્ષો સાથે વાત કરી હતી. તેમણે જણાવ્યું કે, ભારત કોઈ પણ હૂમલાનો જડબાતોડ જવાબ આપશે.

અગાઉ ગઈ કાલે દિવસ દરમિયાન ભારતે લાહોર સહિતની મહત્વની એર ડિફેન્સ સિસ્ટમને નષ્ટ કરી હતી. ભારતીય સશસ્ત્ર દળોએ ગઈકાલે પાકિસ્તાનમાં સંખ્યાબંધ સ્થળોએ હવાઈ સંરક્ષણ રડાર અને પ્રણાલીઓને નિશાન બનાવી હતી. સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર એવું જાણવા મળ્યું છે કે લાહોરમાં હવાઈ સંરક્ષણ પ્રણાલીને નિષ્ક્રિય કરી દેવામાં આવી છે.

# BHUJ DRWON

કચ્છના સર ક્રીક વિસ્તારમાં પાકિસ્તાની ડ્રોન તોડી પાડવામાં આવ્યું છે. ગઇકાલે કચ્છ સરહદ પર ડ્રોનથી હુમલાનો પ્રયાસ કરતા ત્રણ ડ્રોન તોડી પાડવામાં આવ્યા છે. જ્યારે બે ડ્રોન પરત ફર્યા હોવાનું સામે આવ્યું છે. સરહદે સર્જયેલા તંગ માહોલ વચ્ચે સુરક્ષાના ભાગરૂપે કચ્છના ભુજ, નલિયા, લખપત અને ખાવડામાં બ્લેક આઉટ કરી દેવાયો છે. કચ્છની અત્યારની સ્થિતિ અંગેનો અહેવાલ આપી રહ્યાં છે અમારા કચ્છના પ્રતિનિધી..

**(વોઇસ કાસ્ટ – હેમાંગ પટ્ટણી)**

બીજીતરફ તકેદારીના ભાગરૂપે અમદાવાદ- ભૂજ વચ્ચેની નમો ભારત રેપિડી ટ્રેનને આજે ગાંધીધામ સુધી જ દોડાવવાનો નિર્ણય કરાયો છે. જે ગાંધીધામ પહોંચીને ગાંધીધામથી અમદાવાદ આવવા ઉપડશે.

પાકિસ્તાન સરહદ પર આવેલા બનાસકાંઠા જીલ્લાના સૂઇગામ અને વાવ તાલુકાના કેટલાંક ગામોમાં પણ અંધારપટ જાહેર કરાયો હતો . આ અંગે વધુ માહિતી આપી રહ્યાં છે અમારા બનાસકાંઠાના પ્રતિનિધિ...

**(વોઇસ કાસ્ટ – સવજી ચૌધરી , બનાસકાંઠા)**

# EMERGANCY MEETING HARSH SANGHVI

દેશમાં વર્તમાન સ્થિતિને ધ્યાનમાં રાખીને ગુજરાત સરહદી રાજ્ય હોવાથી સરહદી જિલ્લાની પરિસ્થિતિ પર સતત નજર રાખવા ગાંધીનગરમાં એક બેઠક યોજાઇ હતી. સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગર ખાતે ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીના અધ્યક્ષ સ્થાને ઈમરજન્સી સમીક્ષા બેઠક યોજાઈ હતી .

આ બેઠકમાં  સંબંધિત જિલ્લાના કલેક્ટરો તથા જિલ્લા પોલીસ વડાઓ સાથે ટેલીફોનીક વાત કરી સ્થાનિક સ્થિતિ અંગે જાણકારી મેળવીને કોઈ અનિચ્છનીય બનાવ ન બને, કોઈ પેનિક ન થાય તથા વિશેષ તકેદારી રાખવામાં આવે તે માટે જરૂરી સાવચેતીના પગલાં ભરવા સૂચનાઓ આપી.

આ બેઠકમાં મુખ્ય સચિવ પંકજ જોશી, અધિક મુખ્ય સચિવ જયંતિ રવિ, રાહત કમિશનર આલોક કુમાર પાંડે અને ગુજરાત પોલીસ વડા વિકાસ સહાય સહિતના ઉચ્ચ અધિકારીઓએ સ્થિતિની સમિક્ષા કરી હતી .

# AIR PORT CLOSED

પાકિસ્તાન તરફથી થયેલા આક્રમણને ધ્યાનમાં રાખીને રાજ્યના રાજકોટ, પોરબંદર, કંડલા, ભુજ, કેશોદ, જામનગર અને મુન્દ્રા વિમાનમથકોને નાગરિક ઉડ્ડયન માટે બંધ કરવામાં આવ્યા છે.

દરમિયાન, નાગરિક ઉડ્ડયન મંત્રાલયે દેશભરના હવાઇમથકો બંધ કરવામાં આવ્યા હોવાના મીડિયાના અહેવાલોને ખોટા ગણાવ્યા છે. દિલ્હી હવાઇમથકે કહ્યું છે કે કામગીરી સામાન્ય રીતે ચાલી રહી છે. હવાઈ ક્ષેત્રની બદલાતી સ્થિતિ અને વધુ સુરક્ષાને કારણે કેટલીક ઉડાનોને અસર થઈ છે

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....................................

## WEATHER

રાજ્યમાં આજે ભારે વરસાદની આગાહી વચ્ચે આગામી 24 કલાક બાદ તાપમાનમાં 3 થી 5 ડિગ્રીનો વધારો થશે તેમ  હવામાન વૈજ્ઞાનિક એ. કે  દાસ એ જણાવ્યું છે ..

**(બાઇટ: એ કે દાસ)**

હવામાન વિભાગ દ્વારા આગામી સમયને લઈને આગાહી કરવામાં આવી છે. જેમાં આગામી 4 દિવસ સામાન્યથી મધ્યમ વરસાદ સાથે વાવાઝોડાની આગાહી કરવામાં આવી છે. આજે દક્ષિણ ગુજરાત સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની આગાહી છે. સાયકલોનીક સર્ક્યુલેશન ને લીધે ભારે વરસાદ રહેશે.

# IPL

રવિવારે બપોરે હિમાચલ પ્રદેશનાં ધર્મશાળામાં પંજાબ કિંગ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચેની રમાનારી મેચને સલામતીનાં કારણોસર હવે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ખસેડવામાં આવી છે. મેચ મૂળ કાર્યક્રમ મુજબ બપોરે 3-30 વાગ્યે શરૂ થશે.

ધર્મશાળામાં હિમાચલ પ્રદેશ ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમ ખાતે પંજાબ કિંગ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચેની IPL મેચ ગઈકાલે સાંજે સાવચેતીના પગલા રૂપે રદ કરવામાં આવી હતી. જ્યારે સ્ટેડિયમની ફ્લડ લાઈટો બંધ કરવામાં આવી ત્યારે પંજાબ કિંગ્સે 10.1 ઓવરમાં એક વિકેટે 122 રન બનાવ્યા હતા.

આજે લખનૌમાં સાંજે 7.30 વાગ્યે લખનૌ સુપર જાયન્ટ્સનો સામનો રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે થશે.

# BLOOD BANK -NARMADA

નર્મદાનાં ધારાસભ્ય ડૉક્ટર દર્શના દેશમુખે ગઇકાલે જિલ્લામાં પ્રથમ સરકારી બ્લડ બેન્કનું ઉદ્ઘાટન કર્યું. જિલ્લાની એક માત્ર GMIRS મેડિકલ કોલેજ અને 700 બેડ ધરાવતી અદ્યતન હોસ્પિટલમાં રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા વિવિધ તબીબી સુવિધાઓ પણ વિનામૂલ્યે મળે છે. આ અંગે સુશ્રી દેશમુખે માહિતી આપી.

(બાઈટ -ડૉ .દર્શનાબેન દેશમુખ ધારાસભ્ય નાંદોદ)

# ACCIDENT

જાણીતા કલાકાર અને આકાશવાણી અમદાવાદના નિવૃત સ્ટાફ આર્ટિસ્ટ નીરજ પરીખનું કાર અકસ્માતમાં દુ:ખદ નિધન થયું છે. તેઓ 58 વર્ષના હતા. મેવાતી ઘરાનાના જાણીતા ગાયક શ્રી પરીખે તેમના પિતા અને ગુરુ કૃષ્ણકાંત પરીખ પાસેથી પ્રારંભિક તાલીમ મેળવી હતી અને ત્યાર બાદ સંગીત માર્તંડ પદ્મ વિભૂષણ,પંડિત જશરાજના ગંડબંધ શાગિર્દ તરીકે તાલીમ પામ્યા હતા.

સ્વર્ગસ્થ પરીખે લગભગ 30 વર્ષ સુધી ઓલ ઈન્ડિયા રેડીઓમાં ગાયક તરીકે ફરજ બજાવી હતી. આકાશવાણી સ્વર્ગસ્થ નીરજ પરીખને હદય પૂર્વક શ્રદ્ધાંજલિ અર્પે છે.

# PIB FACT CHECK

સોશિયલ મીડિયા ઉપર કેટલાંક ફેક વિડિયો શેર કરવામાં આવી રહ્યાં છે. આવો  જ એક સુરતના હજીરા પોર્ટ પર પાકિસ્તાન દ્વારા હુમલો કરાયો હોવાનો વિડીયો શેર કરાયો હતો પરંતુ પીઆઇબી ફેક્ટ ચેક દરમિયાન આ વિડીયો ફેક સાબિત થયો હતો અને વર્ષ 2021ની સાતમી જુલાઇનો એક ટેન્કર બ્સાસ્ટનો આ વીડિયો હોવાની પુષ્ટિ કરાઇ હતી. આવા ફેક વિડીયો શેર ન કરવા પણ જણાવાયું છે.

# I-KHEDUT PORTAL

ખેતી નિયામકની કચેરી-ગાંધીનગર દ્વારા કૃષિ યાંત્રીકરણની યોજનાઓ હેઠળ નાણાકીય વર્ષ 2025-26 માટે ખેડૂતોને ભારત સરકાર માન્ય ટેસ્ટીંગ સેન્ટર ખાતે ટેસ્ટ કરાવેલા માન્ય વેલીડીટી ધરાવતા ખેત ઓજારો અથવા સાધનો સહાયિત દરેથી આપવામાં આવશે. જે અંતર્ગત ઓજારોની તમામ કંપનીઓ આઈ-ખેડૂત 2.0 ikhedut.gujarat.gov.in પોર્ટલ પર ફરજીયાત પણે આગામી તારીખ 20 મે, 2025 સુધી જરૂરી પુરાવા સાથે નોંધણી કરી શકશે

. . . . . . . . . . . . . .